તીવ્ર અભિલાષાની ખામીથી જ પરમાત્માની પ્રાપ્તિમાં વાર લાગે છે, મહેનતની ખામીથી નહીં
- અધ્યાત્માનંદજી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૪૭ | ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૪, શુક્રવાર; મહા વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## NEWS બિસ્કીટ

**● વાજપાઈના ભત્રીજી કોંગ્રેસમાં જોડાયા**

ભાજપના પૂર્વ સાંસદ અને પૂર્વ વડાપ્રધાનમંત્રી અટલબિહારી



વાજપાઈના ભત્રીજી કરુણા શુકલ કોંગ્રેસમાં જોડાયા છે. કરુણા શુકલ વર્ષોથી ભાજપમાં કાર્યરત હતા. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે તેઓએ ભાજપનો સાથ છોડી દીધો છે અને કોંગ્રેસમાં જોડાઈ ગયા છે તે ખુબ સૂચક છે.

**● જેડીયુમાં ભંગાણ**

બીહારની રાજનીતિમાં



છેલ્લા બે દિવસથી અફડાતફડીનો માહોલ છે. આરજેડીના ૧૩ ધારાસભ્યો અલગ જુથ કરી નીતિશકુમારને સમર્થન આપે અને તેમાંથી ૯ લાલુની પાર્ટીમાં પાછા ગયાની વાત હજુ સમી નથી ત્યાં જેડીયુના ચાર પૂર્વ સાંસદોને મુખ્યમંત્રી નીતિશકુમારે સસ્પેન્ડ કર્યા છે. આ પગલાથી રાજકીય ગરમાવો સર્જાયો છે. જેડીયુના અગ્રણી શીવાનંદ તિવારીએ નીતિશકુમાર ઉપર તીવ્ર આક્ષેપો કર્યા હતા.

**● પાસવાન કેસરીયા માર્ગે**

લોકજનશક્તિ પાર્ટી અને



ભાજપનું ગઠબંધન ઘડીઓ ગણાઈ રહી છે. બિહારના શક્તિશાળી દલિતનેતા અને એક વખત નરેન્દ્ર મોદીના મુદ્દા પર એનડીએ છોડનાર રામવિલાસ પાસવાન ભાજપ સાથે ગઠબંધન કરવા આતુર બન્યા છે. ભાજપના મુખ્તાર અબ્બાસ અને રૂડી જેવા અગ્રણીઓ સાંજે ભાજપના હોદ્દેદારોએ બેઠક યોજી હતી. જેમાં સાત બેઠકોની સમજુતી થઈ છે. મોડી રાત્રે મોદી અને રાજનાથને મળી ગઠબંધનની વિધિવત જાહેરાત કરાશે.

**● રાજમોહન ગાંધી પૂર્વ દિલ્હીના આપના ઉમેદવાર**

લોકસભાની આગામી



ચૂંટણી માટે આમ આદમી પાર્ટીએ વધુ ત્રીસ ઉમેદવારોની જાહેરાત કરી હતી. જેમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના પૌત્ર રાજમોહન ગાંધીને પૂર્વ દિલ્હીના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા છે. ત્યાંથી કોંગ્રેસના નેતા સંદીપ દિક્ષિત ચૂંટણી લડશે તેવુ મનાય છે. સંદીપ દિક્ષિત શીલા દિક્ષિતના પુત્ર છે.


ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧


# જિલ્લાના ૬૭ ગામો બેંકિંગ સેવાથી વંચિત

## બેંકો શાખાઓ કાર્યરત કરી ગ્રામીણ અર્થતંત્રમાં નવી ચેતના જગાવે તે જરૂરી છે : ડૉ. પી. સ્વરૂપ

ગાંધીનગર, તા. ૨૭

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આપેલ ગાઈડલાઈન્સને ધ્યાને રાખી જિલ્લામાં બેંક પ્રતિનિધિથી શાખા કાર્યાન્વીત કરવાના અભિગમને બદલે બેંકો તેમની શાખાઓ કાર્યરત કરે તેવો આગ્રહ જિલ્લા કલેક્ટર ડૉ. પી. સ્વરૂપે બેંકિંગ ક્ષેત્રની ત્રિમાસિક કામગીરીની સમીક્ષા બેઠકમાં જણાવ્યું હતું.

જિલ્લામાં બે હજારથી ઓછી વસ્તી ધરાવતા ગામોને બેંકિંગ સેવાથી સાંકળવા માટેના આપવામાં આવેલ લક્ષ્યાંકમાં ધીમી પ્રગતિને લઈ કલેક્ટરે નારાજગી વ્યક્ત કરી હતી. માત્ર ૪ ગામોમાં બેંકોએ શાખા કાર્યરત કરી છે જ્યારે ૪૯ ગામોમાં બેંકિંગ પ્રતિનિધિથી કામગીરી ચલાવવામાં આવી રહીછે. જિલ્લામાં હજુ ૬૭ ગામો આજે પણ બેંકિંગ સુવિધા ધરાવતા નથી. આ ગામોમાં માર્ચ-૨૦૧૫ સુધીમાં બેંકોની શાખાઓ કાર્યરત થાય તેવો તેમણે આગ્રહ કર્યો હતો.

બેંકો દ્વારા જુદી જુદી યોજનાના લાભાર્થીઓની લોન અરજીઓના હકારાત્મક નિવારણ માટે પણ આગ્રહ કર્યો હતો. ખાસ કરીને સ્વરોજગારની યોજનાઓ પર ધ્યાન આપવામાં આવે તેવો નિર્દેશ પણ તેમણે કર્યો હતો.

આ સમીક્ષા બેઠકમાં વીકર સેક્શનના ધિરાણો માટેના લક્ષ્યાંકની સિદ્ધિ માટે તેમણે વિશેષ ભાર મુક્યો હતો. તેમણે કિસાન ક્રેડિટ કાર્ડ ક્ષેત્રે થયેલ કામગીરી પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો હતો પરંતુ તંત્રએ બાકી રહેલા ખેડૂત ખાતેદારોને વધુમાં વધુ આવરી લેવાય તે જોવા પણ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે બેંકો તેમની શાખાઓ ગ્રામ્ય વિસ્તારમાં વધારે તો ગ્રામીણ પ્રજાજનોને તેનો વધુ

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર સૌજન્ય : આર્ષ પંડ્યા)

ૐ મૃત્યુંજય મહાદેવાય ત્રાહિમામ્ શરણાગતમ્ જન્મ-મૃત્યુ જરા વ્યાધિ પિડિતમ્ કર્મ બંધને : ભગવાન ભોળાનાથની આરાધનાના મહાપર્વે શિવાલયોમાં ભાવપૂર્વક પૂજન-અર્ચન કરાયા હતા. ભગવાન સદાશીવ કલ્યાણના દેવ છે... ભાવપૂર્વક ભક્તિ કરવાથી ભોળાનાથ પ્રસન્ન થાય છે... શીવલીંગ પર પાણી, દૂધ અને બિલીપત્ર ચડાવવાથી જન્મોજનમના પાપમાંથી મુક્તિ મળે છે એવા શાસ્ત્રોક્ત ઉલ્લેખોને પગલે મહાશિવરાત્રીના પર્વે ચારેય પ્રહરની પૂજાનો અનોખો લ્હાવો છે.... શીવલીંગની ભસ્મ આરતીથી સર્જાયેલ અલૌકિક મહોલ તસવીરમાં પ્રતિબિંબિત થાય છે....

# ચૂંટણી માટે સજ્જ થતું તંત્ર

## આજથી ચૂંટણી ફરજ પરના અધિકારીઓની બે દિવસની તાલિમનો આરંભ : રાજકીય પક્ષો સાથે બેઠક સંપન્ન

ગાંધીનગર, તા. ૨૭

લોકસભાની આવી રહેલી સામાન્ય ચૂંટણીને લઈ તંત્રએ હવે તડામાર તૈયારીઓ આરંભી દીધી છે. આજે જિલ્લાની પાંચેય વિધાનસભા બેઠકોમાં ચૂંટણી વિષયક ફરજો બજાવનાર અધિકારીઓને પ્રથમ તબક્કાની તાલિમ આપવામાં આવશે.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે બે દિવસ ચાલનારી આ તાલિમમાં ૧૧૦૦ થી પણ વધુ અધિકારીઓને તાલિમ આપવામાં આવનાર છે.

પ્રથમવાર નોટાનો ઉપીયોગ ઈવીએમમાં સમાવાયો હોવાથી આ તાલિમનું મહત્વ વિશેષ છે. પંચે ઉમેદવારોના મતની સાથે કોઈપણ ઉમેદવાર પસંદ નહિ હોવાના થયેલા મતની ગણત્રી કરવાનો પણ નિર્ણય કર્યો છે. જો કે તેનાથી પરિણામને કોઈ અસર પડશે નહિ.

અધિકારીઓની આ તાલિમ પૂર્વે ગઈકાલે જિલ્લા કલેક્ટરશ્રીએ પણ રાજકીય પક્ષોના આગેવાનો સાથે મહત્વની બેઠક યોજી હતી. આ બેઠકમાં આદર્શ આચાર સંહિતાના અમલ ઉપરાંત ખર્ચ નિયંત્રણ અંગેની પણ મહત્વની સમજો આગેવાનોને આપવામાં આવી હતી.

તંત્રએ મતદારો માટે ખાસ હેલ્પલાઈન સેવા પણ આરંભી દીધી છે. આ ઉપરાંત ચૂંટણી અંગેની તૈયારીઓનો ધમધમાટ શરૂ થઈ ચુક્યો છે. તંત્રએ હવે ચૂંટણીની કામગીરી મિશન મોડ પર લઈ લીધી છે. જો કે ચૂંટણી અંગેની વિધિવત્ જાહેરાત થતાં જ તંત્રની તૈયારીઓ વેગીલી બનશે.

તંત્ર દ્વારા હાલ મતદારોની નવી નોંધણી માટેની કામગીરી પણ ચાલી રહી છે. ગાંધીનગર જિલ્લામાં તંત્રએ ચૂંટણીને લગતી તૈયારીઓ અમદાવાદ અને મહેસાણા જિલ્લાતંત્રને સાથે રાખી કરવાની હોાથી તંત્રના અધિકારીઓની દોડધામ વધી જવા પામી છે. જિલ્લાની પાંચેય બેઠકો ત્રણ સંસદીય મતવિસ્તાર સાથે સંકળાયેલી છે જે ઉલ્લેખનીય છે.

મળતી વિગતો પ્રમાણે રાજકીય

● અનુસંધાન પાન-૭ પર

# આજે ગાંધીનગર આવતા અડવાણી

## જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની બેઠકમાં હાજરી આપશે : ગાંધીનગરની તેમની આ મુલાકાતને સૂચક લેખાવતા રાજકીય વર્તુળો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના સાંસદ અને ભાજપના રાષ્ટ્રીય નેતાશ્રી લાલકૃષ્ણ અડવાણી આજે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની એક બેઠકમાં હાજરી આપવા માટે ખાસ ગાંધીનગર આવી રહ્યા છે.



લોકસભાની ચૂંટણીઓ અંગેની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે શ્રી અડવાણીની આ જિલ્લાકક્ષાની બેઠકમાં હાજરીને રાજકીય વર્તુળો અતિ મહત્વની લેખી રહ્યા છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની વિજીલન્સ મોનીટરીંગ સેલની આ બેઠક ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે સવારે સાડા નવ કલાકે યોજાવાની છે. કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજનાઓના અમલીકરણ અંગેની સમીક્ષા આ બેઠકમાં કરવામાં આવનાર છે.

ખાસ કરીને મનરેગા, રાજીવ ગાંધી સેવા કેન્દ્રો નિર્માણની કામગીરી, સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન તેમજ ઈન્દિરા આવાસ યોજના સહિતની યોજનાઓ અંગે સમીક્ષા થનાર છે.

આ બેઠકમાં ધારાસભ્યોશ્રી, પ્રભારી મંત્રીશ્રી, જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજરી આપનાર છે. ગાંધીનગર જિલ્લામાં આવાસ યોજનાના ધીમા અમલીકરણ અંગે અગાઉ શ્રી અડવાણી નારાજગી વ્યક્ત કરી ચુક્યા છે. આ ઉપરાંત ટોટલ સેનીટેશનની કામગીરીને વધુ સઘન બનાવવા પર તેમણે લોક જાગૃતિ અભિયાનની હિમાયત કરી હતી જે ઉલ્લેખનીય છે.

છેલ્લા એક વર્ષમાં સતત ત્રીજીવાર શ્રી અડવાણી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની બેઠકમાં ખાસ હાજરી આપવા માટે ગાંધીનગર આવી રહ્યા છે.

# અરવિંદ કેજરીવાલ ૯મીએ અમદાવાદ આવે છે

ગાંધીનગર, તા. ૨૭

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા અરવિંદ કેજરીવાલ ૯મી માર્ચે એક દિવસની મુલાકાતે ગુજરાત આવી રહ્યા છે. છેલ્લા બે મહિનાથી દેશના



રાજકારણમાં ખૂબ જ ચર્ચાસ્પદ બનેલ અને સોશિયલ મીડીયામાં છવાયેલા અરવિંદ કેજરીવાલની અમદાવાદની મુલાકાત ઉત્તેજનાપૂર્ણ બની રહેશે એમ મનાય છે.

અમદાવાદ ખાતે જંગી જાહેર સભાને સંબોધવા માટે આયોજન પણ આપ પાર્ટી દ્વારા કરાઈ રહ્યું છે.

તાજેતરમાં ગેસના ભાવ સંદર્ભે નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધી ઉપર મુકેશ અંબાણીના મોહરા તરીકેનો આક્ષેપ કરતા ભારે ખળભળાટ સર્જાયો હતો.

# રાહુલ ગાંધી ૧૧મીએ ગુજરાત આવે છે

## બાલાસિનોર ખાતે રાહુલ ગાંધી જંગી જાહેરસભાને સંબોધન કરશે : કોંગ્રેસ દ્વારા પદયાત્રા યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

લોકસભાની ચુંટણીની તૈયારીના ભાગરૂપે કોંગ્રેસ દ્વારા રાજયના વિવિધ વિસ્તારોમાં કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ખેડા સંસદિય



ક્ષેત્રના બાલાસિનોર ખાતે આગામી ૧૧મી માર્ચના રોજ જંગી જાહેરસભા સંબોધશે. કોંગ્રેસ પક્ષ દ્વારા ઠેર ઠેર પદયાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

રાજયની ૨૬ લોકસભા બેઠકમાં યોજાનાર પદયાત્રાની તૈયારીના ભાગરૂપે રાજીવ ગાંધી ભવન ખાતે નિરીક્ષકોને માર્ગદર્શન આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું હતુ કે, આગામી દિવસોમાં યોજાનાર ૨૦૧૪ લોકસભાની ચૂંટણીઓને લક્ષમાં લઈને અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના ઉપાધ્યક્ષશ્રી રાહુલ ગાંધીએ દરેક લોકસભા બેઠકમાં સાત દિવસની 'કોંગ્રેસ પદયાત્રા' નું આયોજન કરવાનો નિર્ણય કર્યો છે. જેના ભાગરૂપે રાજયના તમામ સંસદીય મતદાર

● અનુસંધાન પાન-૭ પર








